For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# પાણી વગરના શાસકોના પાપે સુરત પાણી-પાણી

**સેન્ટ્રલ** ઝોનમાં 3 ઈંચ, વરાછા-કતારગામ અને રાંદેર ઝોનમાં બે-બે ઇચ પાણી વરસતા જ સર્વત્ર જળબંબોળ

**શહેરમાં** મેઘમહેર યથાવત : 24 કલાકમાં ત્રણ, સોમવારે દોઢ ઈંચ વરસાદ નોંધાયો

સુરત : રવિવારે રાત્રે શહેરમાં ધોધમાર વરસાદની સવારી ચાલુ રહયા બાદ સોમવારે પણ આખો દિવસ મેઘરાજાએ બેટિંગ ચાલુ રાખતા કરતાં શહેરના જનજીવનને અસર પહોંચાડી હતી. રવિવારે રાત્રે 8 વાગ્યાથી સોમવારે રાત્રે 8 વાગ્યા સુધીના 24 કલાકના આંકડાઓનું ઝોનવાર સરેરાશ કાઢવામાં આવે તો

...અનુસંધાન પાના 4 પર



### કયા કયા પાણી ભરાયા

- અર્ચના સ્કુલ પાસે પુણા ગામ
- ખટોદરા પોલીસ સ્ટેશન પાસે
- વરાછા ગરનાળુ
- સહારા દરવાજા ગરનાળુ
- ઉધના મેઇન રોડ
- વેસુ વીઆઇપી રોડ, શ્યામ મંદિર પાસે
- ડભોલી હરી દર્શન ખાડા પાસે
- લિંબાયત પરવટ પાટિયા પાસે
- રાંદેર ગંગેશ્વર મહાદેવ પાસે

### ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોની સુરત-દીવ ફ્લાઇટ રદ

રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની અસર હવે હવાઈ સેવા પર પણ જોવા મળી રહી છે. દીવમાં ખરાબ હવામાન અને ઓછી વિઝિબિલિટીના કારણે ઈન્ડિગોની સુરત-દીવ-સુરત ફ્લાઇટ સોમવારે રદ કરવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સુરતથી દીવ અને દીવથી સુરત એમ બંને તરફના ફ્લાઇટના ફેરા રદ કરવામાં આવ્યા હતા. સુરતથી દીવ તથા

...અનુસંધાન પાના 4 પર

### સુરતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ત્રણ ઇંચ વરસાદથી શહેર તરબતર

## ઓરેન્જ એલર્ટ વચ્ચે 1થી 43 મીમી સુધી વરસાદ

**બુધવારથી** વરસાદનું જોર ઘટવાની આગાહી, આજે પણ છૂટાછવાયા વરસાદની સંભાવના

સુરતઃ હવામાન વિભાગ દ્વારા સુરત શહેર અને જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ સોમવારે સવારથી જ શહેરમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. વહેલી સવારથી શરૂ થયેલા વરસાદે ધીમે ધીમે જોર પકડતાં શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરત શહેરમાં સૌથી વધુ 3 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સતત વરસાદને કારણે શહેરના

...અનુસંધાન પાના 4 પર

### આગામી 24 કલાક છૂટાછવાયા વરસાદની શક્યતા

હવામાન વિભાગે હજુ આગામી 24 કલાક દરમિયાન સુરત શહેર અને જિલ્લામાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. જોકે, બુધવારથી વરસાદનું જોર ઘટવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલ શહેર અને જિલ્લામાં વરસાદી વાતાવરણ યથાવત રહેવાની શક્યતા હોવાથી લોકોને હવામાનની સ્થિતિ પર નજર રાખવા સલાહરૂપ છે. સતત વરસાદના કારણે ખેડૂતોમાં પણ રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં પડેલા વરસાદથી ખેતીને ફાયદો થવાની શક્યતા છે.

## ઉકાઈ ડેમ એલર્ટ લેવલને પાર, જળસપાટી 336.72 ફૂટ

**ઉકાઈ ડેમમાં 48 હજાર ક્યુસેકની ધસમસતી આવક**

**16 સપ્ટેમ્બરથી** રૂલ લેવલ 345 ફૂટ કરાશે, એટલે ડેમમાં પાણી ભરવા દેવાશે

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં છેલ્લા બે દિવસથી ફરી વરસાદી માહોલ જામ્યો છે. ઉપરવાસના વિવિધ વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ પડતાં ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન અનેક સ્થળોએ 15થી 60 મીમી સુધીનો વરસાદ નોંધાયો છે. જેના પગલે ડેમની સપાટીમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. ડેમ 336.72 ફૂટને પાર કરતા એલર્ટ લેવલે પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ આજે ઉકાઈ ડેમની સપાટી 336.72 ફૂટ પર પહોંચી હતી. ડેમ હાલમાં આશરે 80 ટકા ભરાઈ ગયો છે અને તેની સપાટી એલર્ટ લેવલ કરતાં પણ ઉપર પહોંચી ગઈ છે. ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવક હજુ પણ ચાલુ હોવાથી આગામી સમયમાં સપાટીમાં વધુ વધારો થવાની શક્યતા છે. ઉકાઈ ડેમના કેચમેન્ટ અને ઉપરવાસના વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન સર્વત્ર વરસાદ નોંધાયો હતો. આજે સાંજે ડેમમાં આશરે 48 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. પાણીની આવક ચાલુ રહેતાં ડેમની સપાટી વધુ ઝડપથી વધવાની શક્યતા છે. હાલમાં ડેમની સપાટી 336.72 ફૂટ છે,

...અનુસંધાન પાના 4 પર

**ઉકાઈ ડેમની સપાટીના વિવિધ સ્ટેજ**

| સ્ટેજ | સપાટી | સ્ટોરેજ (MCM) |
|---|---|---|
| વોર્નિંગ | 331.43 ફૂટ | 5190 |
| એલર્ટ | 336.34 ફૂટ | 5931 |
| હાઈએલર્ટ | 340.84 ફૂટ | 6773 |
| ડેન્જર | 345.00 ફૂટ | 7414 |

## ઉધનામાં 18 ફૂટના ગણપતિની પ્રતિમા ગાલ્લા સાથે પલટી ગઇ

**ખંડિત** મૂર્તિનું વિસર્જન કરી નાની મૂર્તિની સ્થાપના કરાઈ

સુરતઃ ઉધનાની શાંતિનગર સોસાયટીમાં ગણેશોત્સવ નિમિત્તે બાળગણેશ યુવકમંડળ દ્વારા લાવવામાં આવેલી 18 ફૂટની ગણેશ મૂર્તિ ગલ્લા સાથે પલટી જતાં ખંડિત થઈ હતી. આ બનાવ બાદ મંડળે ખંડિત મૂર્તિનું વિસર્જન કરી અન્ય મૂર્તિકાર પાસેથી નાની ગણેશ મૂર્તિ લાવી મંડપમાં સ્થાપના કરી હતી.

મળતી માહિતી મુજબ રવિવારે બાળગણેશ યુવકમંડળ દ્વારા મૂર્તિકાર પાસેથી 18 ફૂટની શ્રીજીની મૂર્તિ ગલ્લા પર

...અનુસંધાન પાના 4 પર




## ગણેશ ચતુર્થીએ બ્લિંકિટે ફૂગવાળા લાડુ મોકલ્યા, મનપાનો ઉડાઉ જવાબ !



**ડિલિવરી** બોયે કહ્યું: 'અમારું કામ તો માત્ર સામાન પહોંચાડવાનું છે'

સુરતઃ સુરતમાં ફૂડ સેફ્ટીના નામે ચાલતી કામગીરી સામે વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગણેશ ચતુર્થી જેવા પવિત્ર પર્વના દિવસે પાંડેસરાના વેપારીએ સ્ટાફ અને પરિવાર માટે ઓનલાઇન ક્વિક ડિલિવરી

...અનુસંધાન પાના 4 પર

### ફૂડ વિભાગનો નંબર પણ ગ્રાહકે જ ગૂગલમાંથી શોધ્યો !

વેપારી પાસે ફરિયાદ કરવા માટે ફૂડ વિભાગનો સંપર્ક નંબર પણ ઉપલબ્ધ ન હતો. આખરે તેમણે ગૂગલ પરથી નંબર શોધીને સુરત ફૂડ વિભાગનો સંપર્ક કર્યો હતો. પરંતુ ફરિયાદ સાંભળીને સ્થળ પર અધિકારી મોકલવા કે તાત્કાલિક તપાસ કરવા બદલે તેમને એવો જવાબ મળ્યો કે 'ફરિયાદ નોંધાવવી હોય તો રૂબરૂ બહુમાળી ભવન આવવું પડશે.' સડેલા અને ફૂગવાળા લાડુની ફરિયાદ સામે આવી છે, ખાદ્ય પદાર્થ ગ્રાહકોના ઘરે પહોંચી ગયો છે અને સંભવિત રીતે અન્ય ગ્રાહકો સુધી પણ આવો જ જથ્થો પહોંચ્યો હોઈ શકે છે. તેમ છતાં સ્થળ પર તપાસ કરવાને બદલે ફરિયાદીને જ ઓફિસે બોલાવવાની કાર્યવાહીથી મનપાના ફૂડ વિભાગની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

### પહેલા બાળકનું મોત, પછી 100થી વધુ વિદ્યાર્થીઓ બીમાર, છતાં તંત્રને 'વાયરલ વિડીયો'ની રાહ?

સુરતમાં થોડા સમય પહેલાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં એક ચાર વર્ષીય બાળકીનું મોત થયું હતું. ત્યારબાદ પી.પી.સવાણી યુનિવર્સિટીની હોસ્ટેલમાં મેસનું ભોજન લીધા બાદ 100થી વધુ વિદ્યાર્થીની તબિયત લથડી હતી. આ ઘટનાઓ બાદ મનપાના આરોગ્ય વિભાગે મેસોમાં ચેકિંગ શરૂ કર્યું હતું. હવે ફરી ઓનલાઇન ડિલિવરી થયેલા ખાદ્ય પદાર્થમાં સડેલી અને ફૂગવાળી સામગ્રી સામે આવી છે. આ સમગ્ર ઘટનાક્રમ મનપાના ફૂડ વિભાગની કામગીરી સામે સીધો સવાલ

...અનુસંધાન પાના 4 પર

## ઓલપાડમાં મોબ લિંચિંગ-હત્યાને 'અકસ્માત'માં ખપાવવા પ્રયાસ!

**સુરત** ગ્રામ્ય એસપીને મૃતક અમીષના પરિવારની અરજી, ઓલપાડ પોલીસની ભૂમિકા સામે ગંભીર સવાલો

**ગણેશ** વિસર્જનના વરઘોડામાં સામાન્ય ટક્કર બાદ ટોળાએ પથ્થરમારો અને હુમલો કરી યુવકની હત્યા નીપજાવી હોવાનો પરિજનોનો દાવો

સુરત, સાયણઃ સરોલી ગામના યુવક અમીષભાઈ ગણપતભાઈ પટેલના શંકાસ્પદ મોતના મામલે પરિવારે મોબ લિંચિંગ અને પૂર્વઆયોજિત હત્યાનો આક્ષેપ કર્યો છે. પરિજનોનો સીધો આરોપ છે કે ઓલપાડ પોલીસ સ્ટેશનના પી.આઈ. દ્વારા આરોપીઓને છાવરવા માટે આ જઘન્ય હત્યાના ગુનાને સાદા 'અકસ્માત મોત' તરીકે દર્શાવી

...અનુસંધાન પાના 04 પર

### 'આ લોકો મને મારી નાંખશે...': મૃતકનો છેલ્લો ફોન કોલ અને પ્રત્યક્ષદર્શીઓનો બચાવ

આ ઘટના બની તે જ સમયે પાછળ અન્ય બાઈક પર આવી રહેલા સંજયભાઈ કાળીદાસભાઈ પટેલ તથા ભરતભાઈ દલપતભાઈ પટેલે અમીષભાઈને ફોન કરીને પૂછ્યું હતું કે, 'તમે ક્યાં પહોંચ્યા?' ત્યારે અત્યંત ભયભીત અવાજે અમીષભાઈએ જણાવ્યું હતું કે, 'આ લોકો મને મારી નાંખવાના, મારી નાંખવાના છે.' આ સાંભળી પાછળ આવતા સાક્ષીઓ ઘટના સ્થળેથી ઝડપથી નીકળવા જતાં ટોળાએ તેમને પણ રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ કોઈ રીતે પોતાનો જીવ બચાવીને આગળ નીકળી ગયા હતા. થોડીવાર બાદ અન્ય એક સ્થાનિક યુવકે સંજયભાઈને ફોન કરીને જણાવ્યું કે, અમીષભાઈની ગાડીનો દિહેણ ગામના નાકે અકસ્માત થયો છે. સંજયભાઈ અને ભરતભાઈ તુરંત ત્યાં પહોંચ્યા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ચૂકી હતી અને અમીષભાઈના માથાના ભાગે ગંભીર ઈજાઓ હોવાથી તેમને સ્થળ પર જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

### લોહીથી લથબથ કાર અને કોલ રેકોર્ડિંગે શંકા વધુ ઘેરી બનાવી

ઘટના બાદ રાત્રે આશરે ૨:૩૦ વાગ્યે મૃતકના સંબંધીએ અમીષભાઈના મોબાઈલનું છેલ્લું કોલ રેકોર્ડિંગ સાંભળ્યું હતું, જેમાં તેઓ વારંવાર પોતાને ટોળું મારી નાંખશે તેવી આક્રંદભરી વાત કરી રહ્યા હતા. શંકા જતાં પરિવારે ઘટના સ્થળે જઈ અમીષભાઈની કારની તપાસ કરી તો સત્ય બહાર આવ્યું હતું. કારના તમામ કાચ તૂટેલા હતા, પાછળની ડેકીમાં અંદર સુધી પથ્થરો પડેલા હતા અને કારની અંદર લોહીનાં ખાબોચિયાં તેમજ મોટા પથ્થરો પડેલા જોવા મળ્યા હતા. આ તમામ પુરાવા સ્પષ્ટપણે દર્શાવતા હતા કે આ કોઈ સામાન્ય માર્ગ અકસ્માત નથી, પરંતુ ટોળા દ્વારા આચરવામાં આવેલું ક્રૂર મોબ લિંચિંગ (હત્યા) છે.

### સુંવાલી બીચ પર નાહવા પડેલો 19 વર્ષીય યુવક પાણીમાં ડૂબી ગયો

સુરત : સુવાલી બીચ ખાતે રવિવારની રજામાં ફરવા ગયેલા 19 વર્ષીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. યુવક મિત્ર સાથે બીચ પર ફરવા ગયો હતો અને ન્હાવા દરમિયાન અચાનક પાણીનો પ્રવાહ બદલાતા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશનો વતની બાદલ ફુલચંદ ગૌતમ (ઉં.વ. 19) હાલમાં મોરાગામ વિસ્તારમાં આવેલી યશ પટેલની કોલોનીમાં મિત્રો સાથે રહેતો હતો. બાદલ હજીરા વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. રવિવારે રજાનો દિવસ હોવાથી બાદલ તેના મિત્ર રાહુલકુમાર રામુ મહંતો સાથે સુવાલી બીચ પર ફરવા ગયો હતો. દરમિયાન બાદલ પાણીમાં ન્હાવા પડ્યો હતો. ન્હાતી વખતે અચાનક પાણીનો પ્રવાહ બદલાતા તે પાણીમાં ડૂબી ગયો હતો. બાદલને ડૂબતો જોઈ તેના મિત્રએ બૂમાબૂમ કરતાં આસપાસના સહેલાણીઓ સહિતના લોકો દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ બાદલને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. જોકે, સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું.

## નાનપુરામાં ૮૪ વર્ષના વૃદ્ધાની હત્યા

**આમેના** મોતીવાલાએ બપોરે પરિવાર સાથે વાત કરી હતી

સુરતઃ નાનપુરા ટીમલિયાવાડ સ્થિત ગાંધી સ્મૃતિ ભવન પાછળ ૮૪ વર્ષના વૃદ્ધાની અજાણ્યા ઈસમે ઘાતકી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સે ગળું દબાવી, માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ છાતીની પાંસળીઓ તોડી નાખી કરપીણ હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો અનુસાર, નાનપુરાના વિઘ્નેશ્વર એસ્ટેટના પહેલા માળે રહેતા ૮૪ વર્ષીય આમેના ઉર્ફે એમીબેન અબ્દેઅલી મોતીવાલા ગઈકાલે ઘરમાં એકલા હતા. બપોરે ૧૪:૪૦ વાગ્યા સુમારે સ્વજનો સાથે વાતચીત થયા બાદ રાત્રે ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે ઘરમાં પ્રવેશ કરી કોઈપણ કારણોસર

...અનુસંધાન પાના 4 પર


છટ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જન્મ તા. ૨૩/૦૬/૧૯૪૩ સ્વ. તા. ૧૫/૦૯/૨૦૨૦

સ્વ. અ.સૌ. લીલાબેન લલ્લુભાઈ પટેલ

હજી જોઈતો હતો સંગાથ તમારો, તમો અમારાથી દૂર થઈ ગયા,
જગતની દરેક સમૃધ્ધિ મળશે, પરંતુ કલ્પવૃક્ષ જેવી આપની છાયા કયાંય નહીં મળે,
સારા કર્મોની સુગંધ સદા રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે અદ્રશ્ય થયા, પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લલ્લુભાઈ સુખાભાઈ પટેલ
મહેશભાઈ લલ્લુભાઈ પટેલ - અનિતાબેન મહેશભાઈ પટેલ
નિરલ મહેશભાઈ પટેલ - ખુશ્બુ નિરલ પટેલ
મિતેષભાઈ ઘનસુખભાઈ પટેલ - જેનિશાબેન મિતેષભાઈ પટેલ
રોકી હરીશભાઈ પટેલ - દિવ્યા રોકીભાઈ પટેલ
ઝોયા, શ્વેત, શ્રીજા તથા સમસ્ત પરિવાર
નિવાસસ્થાન : તળાવ સામે, રૂંઢ-મગદલ્લા, સુરત. મો. ૯૭૨૬૫૧૧૦૧૧

..ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ..



સ્વ. વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી
જન્મ તા. ૦૯.૧૨.૧૯૬૨ સ્વ. તા. ૧૫.૦૯.૨૦૨૨

જીંદગી હતી ટૂંકી છતાં મમતા ઘણી મૂકી ગયા,
એકલા ખૂણે રડી લઈશું જયારે આવશે યાદ તમારી,
કયારેય કલ્પી ન શકાય એવી તમારી
ઓચિંતી વિદાય અમારૂં કાળજું કંપાવી ગઈ,
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

લિ.
રાજદીપસિંહ સોલંકી - સત્યરાજસિંહ સોલંકી
ચિરાગ ચોકસી - મુકેશ જડે
કલ્પેશ પટેલ

બીજી વાર્ષિક પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ



આપનું સ્મિત, આપનો સ્નેહ અને આપના સંસ્કારો
અમારા જીવનની સૌથી મોટી સંપત્તિ છે.
આપની યાદો અમૂલ્ય છે અને હંમેશા અમારી સાથે રહેશે.આપની બીજી વાર્ષિક પુણ્યતિથિ પર પ્રેમભર્યું
સ્મરણ અને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
પંકજભાઈ છોટુભાઈ પટેલ (પપ્પા)
કુંતાબેન પંકજભાઈ પટેલ (મમ્મી)
આકાશ પંકજભાઈ પટેલ (ભાઈ)
શ્રેયાબેન આકાશભાઈ પટેલ (ભાભી)
પ્રિયાન આકાશભાઈ પટેલ (ભત્રીજા)

સ્વ. ફેનિલકુમાર પંકજભાઈ પટેલ
જન્મ તા. ૧૬/૧૧/૧૯૯૩
સ્વ. તા. ૧૫/૦૯/૨૦૨૪
નિવાસ સ્થાનઃ ઘર નં. 301, નવો મોહલ્લો, ખજોદ ગામ, સુરત.

ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ




નથી હયાત તમે પણ સાથે હોય એવુ લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
કયારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રભુપ્રાર્થના..

લિ.
રૂપી રસકપુર ભરતભાઈ પટેલ
હીમાંશુ જરીવાલા જયેન્દ્રસિંહ સુરતીયા
તાહેર બુરહાની બિપીનચંદ્ર ભટ્ટ
શલ્ય રીદય પચ્ચીગર

સ્વ. વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી
સ્વ. તા.૧૫-૦૯-૨૦૨૨

॥ માસિક સ્મરણાંજલિ ॥



સન્મુખલાલ ઈશ્વરલાલ તમાકુવાળા
પરલોક ગમન ૧૫ ઓગસ્ટ ૨૦૨૬
में ज़िंदगी का साथ निभाता चला गया
हर फिक्र को धुएं में उड़ाता चला गया
ઉપરોકત પંકિત મુજબ જીવન જીવી જનાર કુટુંબના વડા સન્મુખ કાકાને નમન..
આર્ટ ઓફ લિવિંગ ના કલાસ તો આજકાલ શરૂ થયા પણ કાકાનો
જીવન જીવવાનો અંદાઝ જોઈએ તો ચોક્કસ જ એવું થાય કે,
જીવન તો આમ જ જીવવું જોઈએ. મુફલિસીથી મહેલ સુધી અને સાયકલથી
લઈને ઓટોમેટિક કાર સુધીની સફરમાં એક સરખા ખુશ મિજાજ,
અજાતશત્રુ રડતાને હસાવવાની ક્ષમતા ધરાવનાર,
સફળ પ્રેમલગ્નનો સચોટ દાખલો પુરો પાડનાર સન્મુખકાકાને
શશીકાંત વેણીલાલ તમાકુવાળા પરિવારની હૃદયાંજલી.

પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીનિ શ્રદ્ધાંજલિ



સ્વ. તુષારભાઈ (લાલુ) દિનેશભાઈ ઘેલાભાઈ પટેલ
સ્વ. તા. ૧૫/૦૯/૨૦૨૫

તમારા લાગણી ભર્યા સ્વભાવ અને
અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશાં યાદ રહેશે.
તમારી સદ્ભાવના ભરી મીઠી સ્મૃતિઓ કદી નહિ ભૂલાય.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુ પ્રાર્થના

લિ.
દિલીપભાઈ દયારામભાઈ પટેલ
મનેશભાઈ દયારામભાઈ પટેલ
શિલાબેન હર્ષદભાઈ પટેલ

ચોથી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



''યાદોનો દીવો કયારેય ઓલવાતો નથી,
તમારો સ્નેહ કયારેય ભૂલાતો નથી...
તમારી છાયામાં જે સુખ અનુભવ્યું હતું,
એ પ્રેમનો સાગર કયારેય સુકાતો નથી...''
તમારો નિર્મળ સ્નેહ, મધુર વાણી
અને આપેલા સંસ્કારો આજે પણ
અમારી સાથે જીવંત છે. એવું લાગે
છે કે તમે અદ્રશ્ય રહીને પણ અમને
આશીર્વાદ આપી રહ્યા છો.
ઇશ્વર તમારા દિવ્ય આત્માને
પોતાના શ્રીચરણોમાં પરમ શાંતિ આપે
એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના...

સ્વ.વિજયસિંહ (રાજુભાઇ) પ્રભાતસિંહ સોલંકી
જન્મ તા. ૦૯/૧૨/૧૯૬૨
સ્વ. તા.૧૫/૦૯/૨૦૨૨

વનિતા ઓફિસ ગ્રુપ

| વિજય સિગ્નેચર | વનિતા પેટ્રોલિયમ |
|---|---|
| વિશાલ જે. ચૌહાણ | સમર્થ દેસાઇ |
| ચંદ્રકાંત (ચંદુ) પટેલ | રવિન પટેલ |
| જનક ત્રિવેદી | શૈલેષ આહિર |
| રાહુલ શર્મા | જય આહિર |
| ધ્રુવ પટેલ | હરદીપસિંહ સોલંકી |
| મનન રાઠોડ | |
| પિંકશ પટેલ | |
| ઝીલ પટેલ | |
| દિપ દેસાઇ | |
| દિક્ષિત દોશી | |